### અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક સંઘની રાજ્ય કારોબારીમાં લેવાયેલો નિર્ણય

# અમરેલી જિલ્લા માધ્ય. સંવર્ગના અધ્યક્ષ તરીકે શ્રી ભરત મકવાણા

**અમરેલી જિલ્લા માધ્યમિક સંવર્ગનાં અધ્યક્ષ તરીકે શ્રી ભરત મકવાણાની વરણીને રાજકીય આગેવાનો, શિક્ષકો સ્નેહીમિત્રો દ્વારા સાર્વત્રીક આવકાર**

**મંત્રીશ્રી કુબેરભાઈ ડીંડોર, શ્રી મહેન્દ્ર કપૂર જી, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ મોહનજી પુરોહિત મહા સંઘ ગુજરાત રાજ્યના અધ્યક્ષ ભીખાભાઈ પટેલ, મનિષ સિધ્ધપરાની ઉપસ્થિતી**



અમરેલી,

ભરતભાઈ મકવાણા કોળી સમાજના કદાવર યુવા નેતા છે. આ ઉપરાંત અમરેલી શહેર ભાજપના મહામંત્રી છે અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ સેનેટ સભ્ય છે. કોળી સમાજના શિક્ષિત નેતા નું અમરેલી શહેરમાં બહોળું મિત્ર મંડળ છે. આ ઉપરાંત સમાજની સંસ્થા વેલનાથ યુથ ફાઉન્ડેશન ના પ્રમુખ છે અને તેઓ સમાજ માટે વિદ્યાર્થી સન્માન સમારોહ તથા સમૂહ લગ્ન અને અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિ કરે છે. અમદાવાદ ખાતે અખિલ ભારતીય શૈક્ષિક સંઘની રાજ્ય કારોબારી મળેલ હતી. આ કારોબારીમાં ગુજરાત રાજ્યના કેબિનેટ મંત્રી કુબેરભાઈ ડીંડોર, કેન્દ્રીય સંગઠન મંત્રી મહેન્દ્ર કપૂર જી, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ મોહનજી પુરોહિત, મહા સંઘ ગુજરાત રાજ્યના અધ્યક્ષ ભીખાભાઈ પટેલ, રાજ્ય મહામંત્રી મિતેશભાઈ ભટ્ટ, સૌરાષ્ટ્ર પ્રાંતના સંગઠન મંત્રી તરુણભાઈ વ્યાસ, અમરેલી જિલ્લા અધ્યક્ષ અને પ્રાંત સંગઠન મંત્રી મનીષભાઈ સિદ્ધપરા ઉ. મા તેમજ જિલ્લાના મહામંત્રી ચિરાગભાઈ ત્રિવેદી સહિત આ રાજ્યની કારોબારીમાં બહોળી સંખ્યામાં રાજ્યભરમાંથી શિક્ષકો હાજર રહ્યા હતા.

**ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં ૫૪ ટકાથી વધુ જ્યારે રાજ્યનાં ૨૦૬ જળાશયોમાં ૩૫ ટકાથી વધુ જળ સંગ્રહ**

---

### કૃષિ અને ગ્રામ વિકાસ માધ્યમ થકી

# અમરેલી જિલ્લામાં ખેત ઓજાર, ખેતયંત્રોના વ્યવસાયના વિકાસ માટે પ્લેટફોર્મ અપાશે : શ્રી દિલીપભાઇ સંઘાણી

**જિલ્લાનું નામ ઉદ્યોગ ક્ષેત્રે આગળ આવે તે માટે કૃષિ ગ્રામ વિકાસ પરિષદનાં માધ્યમથી થઇ રહેલા પ્રયાસો**



અમરેલી,

અમરેલી જિલ્લામાં ખેતી અને ગામડાઓમાં રોજગારીની તકો ઉભી થાય ઉપરાંત ખેતી વ્યવસાય ને સહાયક વ્યવસાયો જેવા કે ખેત ઓજારો બનાવતા કારીગરો અને ઉત્પાદકો તેમજ ખેત યંત્રો બનાવતા ઉત્પાદકોને આગામી સમયમાં પ્લેટફોર્મ ઉપર લાવીને આવા ધંધા વ્યવસાયકારોને સરકારશ્રીની વિવિધ યોજનાઓની મદદ તેમજ તેના ઉત્પાદનનું બ્રાન્ડિંગ અને માર્કેટીંગ જેવી બાબતોમાં મદદરૂપ બનીને અમરેલી જિલ્લાનું નામ ઉધોગક્ષેત્રે આવે તે માટે કૃષિ અને ગ્રામ વિકાસ પરિષદના માધ્યમ થકી પ્રયત્નો કરવામાં આવશે તેમ ઈફકોના ચેરમેનશ્રી દિલીપભાઈ સંઘાણીએ જણાવ્યુ છે.

અમરેલી જિલ્લામાં ખેતીમાં વપરાતા લઈને વિવિધ ખેત ઓજારો મોટા પાયે બનાવવામાં આવે છે. ટ્રેકટર, વિવિધ સાતીઓ, જિલ્લા, રાજય અને દેશ બહાર પણ જઈ રહયા છે. જે જિલ્લા માટે બાબત છે. જયારે વિવિધ પ્રકારના નાના ખેત યંત્રો તેમજ મીની ટ્રેકટર અને સનેડા પણ બની રહયા છે. તેને ખેતીમાં કઈ રીતે વધુ ઉપયોગમાં લઈ ઉપરાંત રાજય બહાર પણ કઈ રીતે સારૂ માર્કેટ મળી રહે તે માટે પ્રયત્ન કરવામાં આવશે.

અમરેલી જિલ્લા પાસે મજબુત અને મહેનતકસ ખેડુતો છે. ઉપજાવ છે ત્યારે જિલ્લાની ખેતીને વિવિધ યોજનાઓના માધ્યમથી ખેડુતોને આધુનિક અને સરકારની યોજનાઓ સાથે સાંકળીને મદદ કરવામાં આવશે. ઉપરાંત એગ્રી અને ઈકોટુરીઝમ ક્ષેત્રમાં રોજગારી છે. તે દિશામાં પણ રીસર્ચ કરવામાં આવી રહયુ છે. અમરેલી જિલ્લાને ૬૦ કિલોમીટરનો દરીયા કિનારો મળે છે. તેના લગત પણ કામગીરી કરવામાં આવશે. કૃષિ, ક્ષેત્રે હંમેશા આગળ એવા અમરેલી જિલ્લામાં કૃષિ અને ગ્રામીણ ક્ષેત્રે રોજગારી વધે અને આ ક્ષેત્રે વિવિધ કૃષિ અને ગ્રામ વિકાસ પરિષદના માધ્યમથી આ દિશામાં અગ્રેસર બનવાનો નિરંતર પ્રયાસ કરવામાં આવશે.

અમરેલી જિલ્લામાં દાતરડી થી લઈને જે ખેત ઓજારો બનાવી રહયા છે તે તમામ ખેત ઓજારોના ઉત્પાદકો તેમજ જે યંત્રો બનાવી રહયા છે તેવા તમામ ઉત્પાદકો એક પ્લેટફોર્મ ઉપર લાવીને આગામી સમયમાં સરકારશ્રીની યોજનાઓની માહિતીની મદદ અને તેના માર્કેટીંગ માટે થોડા મહિનાઓ પછી પરિસંવાદનું આયોજન થશે. તેમજ આ અભીયાનને સફળ બનાવવા માટે અમર ડેરીના ચેરમેનશ્રી અશ્વિનભાઈ સાવલીયા તેમજ ગુજરાત પ્રદેશ ભાજપ કિશાન મોરચાના મહામંત્રીશ્રી હિરેન હિરપરા સાથે છે. રાજયના પુર્વ કૃષિમંત્રી અને ઈફકોના ચેરમેનશ્રી દિલીપભાઈ સંઘાણીએ જણાવ્યુ છે સાથે સાથે આવા ઉત્પાદકો પોતાનું રજીસ્ટ્રેશન મોબાઈલના માધ્યમથી કરી શકે તે માટે ગુગલ ઉપર ફોર્મ મેળવવા મો.૯૮૭૯૬ ૪૪૭૫૮ ઉપર વોટસએપ કરવાથી ફોર્મ મોકલી આપવામાં આવશે.

---

### સાવરકુંડલાથી બગસરા આવતી લાઇનમાં વિજળી પડતા

# બગસરા ૬૬કેવીનાં ફીડરમાં ફોલ્ટ સર્જાયો

**વિજળી પડવાને કારણે જેટકોમાં કોઈ નુકસાન થયું નથી : ફીડર બેસી જતા તુરંત બદલાવ્યું**

બગસરા, (રૂપેશ રૂપારેલિયા)

બગસરામાં આજરોજ સાંજ ૬;૩૦ થી ૭વાગ્યા દરમ્યાન સા.કુંડલા થી બગસરા આવતી યીાર્બ ની લાઈન ઉપર વીજળી પાડતા બગસરા ના સિટી ફીડર ને નુકસાન થયું હતું જે ને તત્કાલ બદલી નાખતા સિટી ફીડર ફરી થયેલ હતું તેમજ યીાર્બ જુનિયર એજ. સાહેબ દ્વારા જણાવેલ વીજળી પડતાં ના સમાચાર છે પરંતુ યીાર્બ ને કોઈ નુકશાન થયેલ નથી અને બગસરા પી.જી.વી.સી.એલ.માં ફીડર બલી જતા તાત્કાલિક બદલી બગસરા સિટી ને વીજળી પુરવઠો કાર્યરત કરવામાં આવેલ છે તેમ બગસરા પી.જી.વી.એલ.ના જૂની.એજ. મહીડા જણાવેલ.

---

### શ્રી દિલીપભાઈ સંઘાણી, નાયબ દંડક શ્રી વેકરીયાની ઉપસ્થિતીમાં

# અમરેલી પટેલ વિદ્યાર્થી આશ્રમમાં પ્રવેશોત્સવ યોજાયો

**શ્રી પટેલ વિદ્યાર્થી આશ્રમ, એમ.વી.પટેલ કન્યા વિદ્યાલય, ટી.પી.અને એમટી.ગાંધી ગર્લ્સ હાઈસ્કૂલ-પ્રા.શાળાનું સંયુક્ત આયોજન**



અમરેલી,

શૈક્ષણિક સંસ્થા એ જીવનઘડતર અને સંસ્કારનું ।ર છે, વિદ્યાર્થી-વિદ્યાર્થીની મા-સરસ્વતિના સાધક છે જ કારકિર્દીનું પ્રથમ સ્થાન શિક્ષણ સંસ્થામા પ્રથમ પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓને સત્કાર સાથે પ્રેરણાપ્રદાન કરવાના હેતુંસર શ્રી પટેલ વિદ્યાર્થી આશ્રમ સંચાલીત પટેલ કન્યા વિદ્યાલય, એમ.ટી.ગાંધી ગર્લ્સ હાઈસ્કૂલ તેમજ પ્રાથમીક શાળાના સંયુક્ત યજમાનપદે તા.૨૦/૦૭/૨૦૨૪, શનિવારના રોજ સવારના ૦૯-૩૦કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે શાળા પ્રવેશોત્સવનું આયોજન કરવામા આવેલ છે. કાર્યક્રમનું અધ્યક્ષ ઈફકોના ચેરમેન અને સંસ્થાના પ્રમુખ દિલીપભાઈ સંઘાણી અને દિપ પ્રાગટય ના.મુખ્ય દંડક-ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા ।રા કરવામાં આવશે.

શાળાપ્રવેશોત્સવ કાર્યક્રમમાં અમર ડેરી ચેરમેન અશ્વિનભાઈ જીલ્લા શિક્ષણાધિકારી એમ.બી.ગોહિલ, સમાજસુરક્ષા અધિકારી રવિરાજસિંહ ખેર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે. કાર્યક્રમના આયોજન અંગેની તૈયારીઓ પ્રાથમીક શાળાના આચાર્યા હંસાબેન કાનાણી, ગાંધી ગર્લ્સ હાઈસ્કૂલના ક્રિષ્નાબેન ગેવરીયા, પટેલ કન્યા વિદ્યાલયના આચાર્યા અરૂણાબેન માલાણી સહિતના કાર્યક્રમના આયોજન અંગેની તૈયારીઓ કરી રહયાનું સંસ્થાની અખબારી યાદીમા જણાવેલ છે.

---

## અમદાવાદનાં કોટડા પો. સ્ટે. વિસ્તારમાં થયેલી હત્યાનાં કેસમાં 3 આરોપીઓની ધરપકડ કરાઇ

(જી.એન.એસ) અમદાવાદ, શહેર પોલીસને એક હત્યાનો ગુનો ઉકેલવામાં સફળતા મળી છે, અમદાવાદના શહેર કોટડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલી હત્યા કેસમાં આરોપીઓની ધરપકડ કરાઈ છે. આ સમગ્ર મામલે આરોપીઓની તપાસ કરતાં સામે આવ્યું કે આરોપી અને મૃતકને એકબીજા સાથે કોઈ લેવાદેવા ન હતા. મૃતકના મિત્રના ભત્રીજાને આરોપીઓ સાથે બોલા ચાલી થઈ હતી. જેમાં મિત્રની મદદ કરવા માટે ગયેલા યુવકને છરી મારી આરોપીઓએ મોતને ઘાટ ઉતાર્યો હતો. શહેર કોટડા પોલીસ દ્વારા રાજ પટણી, જનક પટણી અને પૂનમ પટણી નામનાં ૩ આરોપીઓની હત્યાના ગુનામાં ધરપકડ કરવામાં આવી છે. આ ત્રણે આરોપીઓ પિતા પુત્રો છે અને તેઓએ ભેગા મળીને એક યુવકની હત્યાને અંજામ આપ્યો હતો.

---

### મહિલા શિક્ષણ કાર્યક્રમ અંતર્ગત

# જિલ્લાની તમામ દુધ મંડળીઓને તાલીમમાં આવરી લેવા લક્ષ્યાંક આપતા અમર ડેરીનાં ચેરમેનશ્રી અશ્વિન સાવલીયા

**દુધ ઉત્પાદક મંડળીને તાલિમ આપતાં અમર ડેરી અને અમુલ ફેડરેશનનાં અધિકારીઓ**





અમરેલી,

અમરેલી જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી દ્વારા શ્વેતક્રાંતિની ગ્રામોસ્થાન માટે અમરેલી જીલ્લાની અમર ડેરી સાથે જોડાયેલ તમામ દુધ ઉત્પાદક સહકારી મંડળીને ૩ દિવસ પશુપાલક મહીલાઓને વેજ્ઞાનિક ઢબે પશુપાલન કરવા માટે તજજ્ઞ દ્વારા તાલિમ આપવામા આવે છે. આ અનુસંધાને મોટા આંકડીયા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી.ને તા.૧૫ થી ૧૭ જુલાઈ સુધી તાલિમ આપવામાં આવેલ હતી તેમાં પહેલા દિવસે દુધ મંડળીનાં ગામમાં સ્વચ્છ દુધ સંપાદન વિશે ઉંડાણપુર્વક સમજ આપવામા આવે છે, બીજા દિવસે પશુઓ માટે ખોરાક, માવજત અને સંવર્ધન વિશે સમજાવામાં આવે છે અને તાલિમનાં ત્રીજા દિવસે બધા જ તાલિમાર્થીઓને ડેરી દર્શન માટે અમર ડેરી ખાતે લાવવામાં આવે છે અને તેમાં સંઘનાં વિવિધ પ્લાન્ટો પ્રત્યક્ષ અધીકારીઓ સાથે સમજાવીને બતાવવામાં આવેલ હતા. આ ત્રણ દિવસ તાલિમ દરમ્યાન અમર ડેરી દ્વારા તમામ તાલિમાર્થીઓને રહેવા, જમવા તેમજ ડેરી દર્શન માટે વાહન વ્યવસ્થા તથા જરૂરી તમામ ખર્ચ અમર ડેરી દ્વારા કરવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં છેલ્લા દિવસે ડેરી દર્શન દરમ્યાન અમર ડેરીનાં ચેરમેન શ્રી અશ્વિનભાઈ સાવલીયા અચુક હાજર રહ્યા હતા તેમજ મહિલા પશુપાલકોને પશુમાં વધુને વધુ દુધ ઉત્પાદન કરીને રોજગારી મેળવવા બાબતે લંબાણ પુર્વક ચર્ચા કરેલ હતી, આ સાથે અમર ડેરીનાં એમ.ડી, ડો.આર.એસ. પટેલ દ્વારા વેજ્ઞાનિક ઢબે પશુપાલન કરવાનું જણાવેલ હતુ, તથા અમર ડેરીનાં જનરલ મેનેજર ડી.આર.રામાણી, ફેડરેશનનાં અધિકારી અપુર્વ સુથાર, ડો.ચાવડા તેમજ અમર ડેરી વિભાગીય અધિકારીઓ હાજર રહ્યા હતા તેમ અમર ડેરીની અખબારી યાદીમાં જણાવવામાં આવે છે.

---

### પાલિકાએ પેન્શન ચુકવવા બાંહેધરી આપી છતા

# બગસરાની નગરપાલિકામાં છેલ્લા પાંચ મહિનાથી પેન્શનરોનાં પેન્શન બાકી

**પેન્શન માટે વલખા મારતા કર્મીઓનાં નગરપાલિકા કચેરીમાં કાયમી ધામા**



બગસરા, (સમીર વિરાણી)

બગસરા પાલિકા કચેરી પહેલેથી જ વિવાદમાં રહેલ આ પાલિકા દ્વારા કાયમી કર્મચારીઓ તેમજ પેન્શનરોને પગાર તેમજ પેન્શન ચડત થયેલ હતું જયારે સફાઈ કામદારો દ્વારા લઘુતમ વેતન મુજબ પગાર ચૂકવવા સફાઈ કામદારોની માંગણી કરવામાં આવી હતી રોજમદાર સફાઈ કામદારોને લઘુતમ વેતન મુજબ પગાર ચૂકવવા પડે તે મુજબ પગાર ચૂકવવા સફાઈ કામદારોની માંગણી સંતોષવા પાલિકા પ્રમુખ પ્રતિનિધિ તેમજ ચીફ ઓફિસર પાસે માગણી કરવામાં આવી હતી. પાંચ મહિનાથી પેન્શન બાકી હોવાથી રોષ વ્યાપી ગયો છે.

---

## એપીએમ ટર્મિનલ્સ પિપાવાવની સીએસઆર ટીમે ત્રણ ચેકડેમ સાથે ભેરાઇ ગામે જળ સુરક્ષામાં વધારો કર્યો

પિપાવાવ, એપીએમ ટર્મિનલ્સ પિપાવાવની સીએસઆર ટીમે ભેરાલી ત્રણ ચેક ડેનના ઉદઘાટન સાથે સામુદાયિક વિકાસ પ્રત્યેની તેની કટીબદ્ધતાની દિશામાં વધુ એક નોંધપાત્ર કદમ ભર્યું છે. કંપનીના વ્યાપક કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (સીએસઆર) કાર્યક્રમના ભાગરૂપે આ પહેલનો ઉદ્દેશ્ય પ્રદેશમાં જળ સુરક્ષા અને કૃષિ ઉત્પાદકતામાં સુધારો કરવાનો છે. આ ઉદઘાટન કાર્યક્રમમાં એપીએમ ટર્મિનલ્સ પિપાવાવ તરફથી સીઓઓ કેપ્ટન પી કે મિશ્રા, મેહરોત્રા (હેડ-એન્જિનિયરીંગ) અને જિગ્નેશ આધિરાયુ (હેડ-પ્રોજેક્ટ્સ), ગામના સરપંચ અને સ્થાનિક ખેડૂતો ઉપસ્થિત રહ્યાં હતાં. નવા ચેકડેમ રવી સિઝનમાં ભેરાલીના ખેડૂતોને સિંચાઈ માટે મહત્વપૂર્ણ સહાય પૂરી પાડશે તથા વધારાની ઉનાળુ પાકની ખેતીને સક્ષમ કરશે. આ ઉપરાંત આ માળખું વિસ્તારમાં ભૂગર્ભજળની ગુણવત્તા વધારવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. ખારાશને વધતાં રોકવા અને જળ વ્યવસ્થાપનમાં સુધારો કરવા એપીએમ ટર્મિનલ્સે નીચે કેટલીક પહેલોને અમલમાં મૂકી છે જેમાં ૧૮ ચેકડેમનું નિર્માણ એક લિફ્ટ ઈરિગેશન ૯૯ રૂફ રેઈનવોટર હાર્વેસ્ટિંગ માળખાની સ્થાપના ત્રણ પ્રોટેક્શન દિવાલનું બાંધકામ ૧૫૦,૦૦૦થી વધુ વૃક્ષોનું વાવેતર ૧૯૮ વેલ રિચાર્જ સિસ્ટમની રચના ખેત તલાવડીનું બાંધકામ ૩૦૦૦થી વધુ સેનિટેશન યુનિટ્સનું નિર્માણ લેસર ઈરિગેશન ટેક્નીક ને આ વ્યાપક સીએસઆર પહેલો એપીએમ ટર્મિનલ્સ પિપાવાવની પ્રદેશમાં ટકાઉ વિકાસ માટે લાંબા ગાળાની પ્રતિબદ્ધતાને દર્શાવે છે.


**મકાન વેચવાનું છે**
વેસ્ટર્ન પાર્ક સોસાયટી, ચિતલ રોડ, અમરેલી
ચામુંડા કૃપા નામનું તમામ સુવિધાવાળુ
બે માળનું મકાન (બંગલો)
મોકાની જગ્યાવાળુ વેચાણ કરવાનું છે
ખરીદ કરવા માંગતા વ્યકિતએ સંપર્ક કરવો
પી.સી.પરમાર (નિવૃત મામલતદાર)
(દલાલ ભાઇઓ આવકાર્ય છે)
સંપર્ક : મો.૯૮૨૫૯ ૦૬૨૧૨

**અમરેલીનું ગૌરવ હોટલ રોયલ ફોરચ્યુન**
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી
બર્થડે પાર્ટી
પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં





કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

**મકાન વેચવાનું છે**
''જોતા જ ગમી જાય તેવુ''
રોડ ટચ, સંકુલની સામે, ચક્કરગઢ રોડ,
અમરેલી. ફુલ ફર્નિચર, પાર્કિંગ સાથે
(ગેસ, ગટર, પાણી કનેકશન)
2BHK મકાન વેચવાનું છે
સંપર્ક : ૯૪૨૯૩ ૫૧૮૭૮, ૬૩૫૧૧ ૭૦૩૪૦

**મકાન વેચવાનું છે**
અક્ષર બંગ્લોઝ - કાનાણીની વાડી - ચક્કરગઢ
રોડ - ૩ બેડ (એટેચ) ૧ હોલ - ૧, કિચન - ૧,
સ્ટોર રૂમ, ફળીયુ, કારપાર્કીંગ, ટીપટોપ કંડીશન,
ફિક્સ ફર્નિચર, ગુજરાત ગેસ કનેકશન, ગટર,
પાણીની ૨૪ કલાક સુવિધા સાથે. વ્યાજબી
કિંમતથી આપવાનું છે.
(દલાલ ભાઇઓ માફ)
સંપર્ક : નં.૯૪૨૭૭ ૪૮૪૬૦

માત્ર ૨૦ જ મીનીટમાં..
ફક્ત ૯.૯૦% ના વાર્ષિક
વ્યાજદરે અને સરળ
પ્રક્રિયા દ્વારા ગોલ્ડલોન
A.P.C.C.S
ધી અમરેલી પીપલ્સ ક્રેડીટ કો-ઓપ.
સોસાયટી લી. - અમરેલી
''પીપલ્સ ભવન'', ફુટ માર્કેટ
પ્રથમ માળ, ઇન્દીરા શોપીંગ સેન્ટર, અમરેલી
સંપર્ક : (૦૨૭૯૨) ૨૨૦૨૬૪, ૯૪૦૮૫ ૬૨૬૬૪

**અમરેલીમાં મકાન વેચવાનું છે**
લાઠી રોડ, સનફલાવર સ્કુલ પાસે,
નારાયણ નગરમાં, વાત્સલ્ય રેસીડેન્સીમાં,
કોમન પ્લોટ ટચ, પુર્વાભિમુખ,
રોડ ટચ અતિ મોકાનું મકાન બી-૧૬
સસ્તામાં આપી દેવાનું છે
સંપર્ક : માંગરોળિયા પ્રેમલભાઇ વિનુભાઇ
મો.૯૫૫૮૩ ૭૦૪૯૨, ૯૩૭૬૨ ૮૩૦૪૧

### ભાવનગર રેન્જ આઇજી શ્રી ગૌતમ પરમારની સુચનાથી અમરેલીના એસપી શ્રી હિંમકરસિંહના માર્ગદર્શન નીચે અમરેલી એસઓજી ટીમનું જબરદસ્ત ઓપરેશન

# અમરેલીમાં નકલી જંતુનાશક દવાની ફેક્ટરી ઝડપાઇ

**અમરેલીના કુંડલા બાયપાસ નજીક વાડીમાં ડુપ્લીકેટ જંતુનાશક દવાઓની ફેક્ટરી ધમધમતી હતી**

**અમરેલી એસઓજીની ટીમે દરોડો પાડી કેમીકલના ૮૭૬ બેરલ અને ૭ સીલ કરવાના મશિન મળી રૂા. ૧૨,૮૮,૪૦૦ના મુદામાલ સાથે એકને ઝડપી લીધો**

**ખેતરમાં ડુપ્લીકેટ જંતુનાશક દવાઓ કબ્જે લઇ કડક કાર્યવાહી કરતી અમરેલી એસઓજીની ટીમ**








અમરેલી,અમરેલી તાલુકા હદ વિસ્તારમાં આવેલ ગોડાઉનમાંથી ગેરકાયદેસર અને કોઈપણ પરવાના કે લાયસન્સ વગર બનાવટી જંતુનાષક દવાઓ તથા અલગ અલગ કેમીકલના બેરલ મળી કુલ નંગ.૮૭૬ જેની કિંમત રૂ.૧૨,૧૯,૪૦૦ તથા ખોટી બનાવટી માલ નિષાની વાળી કંપનીનો લેબલ સ્ટીકરો તેમજ સીલપેક કરવાનાઅલગઅલગકુલસાતમશીનજેની કિંમત રૂ.૪૯,૦૦૦ મળી કુલ રૂ.૧૨,૮૮,૪૦૦ ના મુદામાલ સાથે બનાવટી જંતુનાષક દવા બનાવતી ફેક્ટરી અમરેલીએસઓજીટીમેઝડપીલીધીછે.આ બનાવઅંગેપ્રાપ્તવિગતઅનુસારભાવનગર વિભાગીયપોલીસમહાનિરીક્ષકશ્રી ગૌતમ પરમાર દ્વારા ચોરી છુપીથી અને અનઅધીકૃતરીતેચીઝવસ્તુઓનુંમીલાવટ કરી બનાવટી પેકીંગ કરી માનવજાતના આરોગ્યસાથેચેડાકરીઆવીચીઝવસ્તુઓનું ઉત્પાદન વેંચાણ કરનાર સામે કાર્યવાહી કરવા સુચના આપતા અમરેલીના એસપી શ્રીહીંમકરસિંહનામાર્ગદર્શનનીચેઅમરેલી એસઓજીના ઈન્સપેક્ટર આર.ડી.ચૌધરી તથા પી.એસ.આઈશ્રી કે. એમ. મોરી અને એન.બી.ભટ્ટ તથા એસઓજીની ટીમે અમરેલી જીલ્લામાં બનાવટી ડુપ્લીકેટ દવાઓબનાવનારશખ્સોનીમાહિતીમેળવી તેઓ વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવા પ્રયત્નશીલ રહેલ હોય તે અંતર્ગત અમરેલી એસઓજી ટીમે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમિયાન ખાનગી બાતમી મળતા અમરેલીના સાવરકુંડલા બાયપાસ ચોકડીથી રાધેશ્યામ ચોકડી તરફ જવાના રોડ ઉપર આવેલ પડસાલા ગેસ ગોડાઉનની સામે આવેલ વાડીમાં બીનઅધીકૃત જંતુનાષક દવાઓની ફેક્ટરીતથાદવાઓનોસંગ્રહથયેલહોવાની બાતમી આધારે દરોડો પાડી અલ્કેશ ભાનુભાઈચોડવડીયાઉ.વ.૪૭ધંધોવેપાર રહેવાસી,અમરેલી મનસીટી ઝડપી લઈ દવાઓનોજથ્થોતથાબનાવામાટેનીસાધન સામગ્રી કબ્જે કરી ધોરણ સર કાર્યવાહી કરી છે.એસઓજીએ આ દરોડામાં જંતુનાષક દવાના બેરલ ૮૭૬ તથા સ્ટીકર લેબલ મશીન મળી કુલ ૧૨,૮૮,૪૦૦ નો મુદામાલ કબ્જે કરેલ છે. આ દરોડમાં અમરેલી એસઓજી પીઆઇ આર.ડી. ચૌધરી, પીએસઆઇ કે.એમ. મોરી, એન.બી ભટ્ટ, એસઓજી ટીમના એએસઆઇ યુવરાજસિંહ સરવૈયા, નાજભાઇ પોપટ, સંજયભાઇ પરમાર, હે. કોન્સ. મનિષદાન ગઢવી, અરવિંદભાઇ ચૌહાણ, પો.કોન્સ. દેવાંગભાઇ મહેતા, જીજ્ઞેશભાઇ પોપટાણી, જયરાજભાઇ વાળા, જનકભાઇ કુવાડીયાએ ફરજ બજાવી હતી.

---

### વંડાનાં ફીફાદમાં બાળકને રમકડા લઇ દેવા બાબતે પતિ પત્નિ વચ્ચે ઝગડો થતા

# ફીફાદમાં પરિણીતાએ ઝેરી દવા પીતા મોત

# પિતાનો પુત્રીને ઝેર પીવડાવ્યાનો આક્ષેપ

**મૃતકનાં પિતાએ રજુઆત કરતા મરનારનું પોસ્ટમોર્ટમ કરાવાયું**

અમરેલી,

વંડાનાં ફીફાદ ગામે તા.૧૭નાં રાત્રીનાં ૮ વાગ્યે સોનલબેન સુરેશભાઇ ધોળકીયા ઉ.વ.૨૯ તેના બાળક અને પતિ સાથે તાજીયાનું ઝુલુસ જોવા ગયેલ તે દરમિયાન બાળકે રમકડાની જીદ કરતા સુરેશભાઇએ રમોકડા લઈ દીધેલ હતાં છતાં પત્નિ સોનલબેને વધારે રમકડા લેવાનું કહેતા પૈસા નહોવાથી વધુ રમોકડા લીધેલ નહતાં અને તે પ્રશ્ને બંને વચ્ચે ઝગડો થતા પોતાને લાગી આવતા ઝેરી દવા પી જતા મોત નિપજયાનું પતિ સુરેશભાઇ ધોળકીયાએ વંડા પોલીસ મથકમાં જાહેર કરેલ. જયારે બીજી તરફ મૃતક સોનલબેનનાં પિતા મનસુખભાઇએ વંડા પોલીસમાં એવા મતલબની અરજી આપી છે કે, પોતાની દિકરીને ત્રાસ આપી દવા પાઈ દીધાનો આક્ષેપ કરતા મૃતક સોનલબેનનાં મૃતદેહનું દવાખાનામાં પીએમ કરાવી તેમના વીસેરા પણ લેવામાં આવેલ છે. પીએમ રીપોર્ટ આવ્યાં બાદ દવા પીવડાવી દીધેલ છે કે પોતે દવા પીધી છે તેનો ખ્યાલ આવશે તેમ પોલીસ સુત્રોમાંથી જાણવા મળે છે.

---

# સાવરકુંડલા માનવ મંદિરે ગુરૂપુર્ણિમા ઉજવાશે

**મારૂતી યજ્ઞ, ગુરૂ પુજન, મહાપ્રસાદ, સંતવાણી કાર્યક્રમો**



સાવરકુંડલા, (સૌરભ દોશી)

સાવરકુંડલાના હાથસણી રોડ ઉપર આવેલ મનોરોગી આશ્રમ માનવ મંદિર ખાતે આગામી ૨૧ જુલાઈ રવિવારે ભવ્ય ગુરુપૂર્ણિમા ઉત્સવ ઉજવવામાં આવશે જેમાં સવારે ૯:૦૦ કલાકે મારુતિ યજ્ઞ ૯:૩૦ કલાકે ગુરુપૂજન અને બપોરે ૧૨:૩૦ કલાકે મહાપ્રસાદ તેમજ બપોર બાદ ૩:૦૦ વાગ્યા પછી સંતવાણી લોક સાહિત્યકાર મનસુખભાઈ વસોયા મોટી ખીલોરી વાળા દ્વારા લોક ડાયરો અને પ્રવચન સહિતના કાર્યક્રમો મોડીરાત સુધી શરૂ રહેશે તેમજ માનવમંદિર આશ્રમ ખાતે જ ગુરુપૂર્ણિમાના પવિત્ર દિવસે ભવ્ય રક્તદાન કેમ્પ યોજાશે સાંજે ૫:૦૦ વાગ્યાથી રાત્રે ૮ વાગ્યા સુધી આ રક્તદાન કેમ્પ શરૂ રહેશે ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી સાવરકુંડલા ના માર્ગદર્શન નીચે આ ભવ્ય રક્તદાન કેમ્પ યોજાનાર છે જેમાં દરેક ધર્મ પ્રેમી સેવકોને રક્તદાન કરવાની અપીલ કરવામાં આવી છે પૂજ્ય ભક્તિ બાપુ ની નિશ્રામાં હાલમાં માનવ મંદિર આશ્રમમાં ૬૦ જેટલી વિવિધ રાજ્યોની નિરાધાર મનોરોગી મહિલાઓ પુનઃજીવન પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરી રહી છે આ આશ્રમ માં છેલ્લા ૧૧ વર્ષથી ભક્તિ બાપુ દ્વારા પુનઃજીવન પ્રાપ્ત કરવાના પ્રયાસો વિવિધ પ્રયોગો દ્વારા કરાઈ રહ્યા છે જેમાં અત્યાર સુધીમાં ૧૨૨ મનોરોગી બહેનો સમાજમાં પુનઃસ્થાપિત થઈ છે જે આશ્રમની અદભુત સિદ્ધિ ગણાવી શકાય ત્યારે આવા સેવાભાવી સંત પૂ.ભક્તિબાપુના આશીર્વાદ લેવા અને ગુરુપૂજન કરવા માટે પધારવા માનવ મંદિર પરિવાર અને મનીષા દીદી ગુરુ શ્રી ભક્તિ બાપુ ઈલાબેન ગુરુ શ્રી ભક્તિ બાપુ તેમજ ભુરાભાઈ વાળા દ્વારા દરેકને જાહેર નિમંત્રણ પાઠવવામાં આવે છે.

---

# બગસરામાં આપાગીગા ગાદી મંદિરે ગુરૂપુર્ણિમા ઉજવાશે

**ગુરૂ પુજન, હનુમાન ચાલીસા, હોમાત્મક યજ્ઞ સહિતના કાર્યક્રમો**



બગસરા,

અહીના સુપ્રસિધ્ધ પૂ. શ્રી આપાગીગા ગાદી મંદિરમાં પરંપરાગત રીતે અનુસાર ગુરૂ પૂર્ણિમાં ના મહોત્સવની ઉજવણી કરવામાં આવે છે.શ્રી આપાગીગા ગાદી મંદિરના પૂ. મહંતશ્રી જેરામબાપુના સાનિધ્યમાં આગામી તા. ૨૧-૪-૨૦૨૪ને રવિવારના રોજ ગુરૂ પૂર્ણિમાં મહોત્સવની ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ખૂબ મોટી સંખ્યામાં લોકો જોડાશે. સમગ્ર ભારતમાં અષાઢ સુદ પૂનમના દિવસે ગુરૂ પૂર્ણિમાંની ઉજવણી કરવામાં આવે છે. જેમાં ગુરૂનું પૂજન કરવામાં આવે છે અને વિવિધ કાર્યક્રમોનું આયોજન કરી ગુરૂ પૂર્ણિમાંની ઉજવણી કરવામાં આવે છે. આ ધામિક ઉજવણીના ભાગરૂપે સવારે ૭ કલાકે મંગળા આરતી, સવારે ૭:૩૦ કલાકે હનુમાન ચાલીસા હોમાત્મક યજ્ઞ, સવારે ૮:૦૦ કલાકે પાદુકા પૂજન, સવારે ૯:૩૦ કલાકે ગુરૂ પૂજન, સવારે ૧૦ કલાકે પ્રસાદ તથા બપોરે ૪:૩૦ કલાકે સત્યનારાયણ ભગવાનની કથા રાખવામાં આવી છે. આ કાર્યક્રમની ઉજવણી સેવક પરિવાર તથા ગાદી મંદિરના કોઠારી શ્રી હરિબાપુની યાદીમાંથી જણાવાયું છે.

---

**મામલતદાર અને તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, બાબરા**

**જન્મ/મરણ પરચુરણ અરજી નં.૦૮/૨૪...............તા.૦૮-૦૭-૨૦૨૪**

વિવાદી :- શ્રી વિરમભાઇ રઘુભાઇ મુંધવા, રહે.કીડી, તા.બાબરા, જી.અમરેલી

વિરૂધ્ધ...પ્રતિવિવાદી : જન્મ મરણ નોંધણી અધિકારી કીડી ગ્રામ પંચાયત, તા.બાબરા

અરજદારના વિ.વ.શ્રી કે.એમ.સોલંકી

**જાહેર નોટીસ**

(જન્મના દાખલા માટે)

આથી લાગતા વળગતાને સર્વે આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે કીડી ગામના રહીશ આ કામના અરજદારશ્રી પોતે વિરમભાઇ રઘુભાઇ મુંધવાનો જન્મ તા.૦૭-૧૦-૧૯૮૭ ના રોજ મોજે કીડી, તા.બાબરા, જી.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય / જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૩-૦૭-૨૪ થી અરજી કરેલ છે. તો આ કામના સામવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઇને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૪-૦૭-૨૦૨૪ ના રોજ બપોરના ૧૨:૩૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
બાબરા

---

# રોજિંદા ઉપયોગી એવા જરૂરી દસ્તાવેજો અને સર્ટી. ઓનું લેમિનેશન ખોલવું સરળ બન્યું

**હવે લેમીનેશન વાળા અગત્યના ડોક્યુમેન્ટ આધુનિક ટેકનીકથી ખુલી શકશે**

રાજકોટ, (પ્રશાંત ચંચલ)

આપણે સહુ આપણી મિલ્કતોના જરૂરી દસ્તાવેજો, સર્ટીફીકેટો, ફિક્સ ડિપોઝીટ, શેર જેવા અગત્યના કાગળોને લાંબા સમય સુધી સાચવી રાખવા માટે લેમિનેશન કરાવતા હોઈએ છીએ પણ ઘણી વખત લોન લેવાના કામ માટે બેંકો આવા લેમિનેશન કરેલા કાગળોને માન્ય રાખતી નથી. જેને હિસાબે આપણને તકલીફ પડે છે તેમજ વિદેશ જતા વિદ્યાર્થીઓને ઈમિગ્રેશનમાં પણ લેમિનેટેડ દસ્તાવેજો અને સર્ટીફીકેટો ચાલતા ના હોવાથી મુશ્કેલીમાં મુકાવું પડે છે. આવી જ રીતે બેંકની ફિક્સ ડિપોઝીટ, કિસાન વિકાસ પત્રો, રાષ્ટ્રીય બચત પત્રો પણ લેમિનેટેડ કરાવી લીધા હોય તો વટાવ કરતી વખતે પાછળ સહી થઈ શકતી નથી. જન્મ-મરણનો દાખલો, સરકારી મકાનનો એલોટમેન્ટ લેટર વિગેરે જેવા જો લેમિનેશન થયેલા હોય તો જે તે ઓફિસો દ્વારા ચલાવામાં આવતા નથી અને આવા સમયે આ પ્રકારના ડોક્યુમેન્ટનું લેમિનેશન ખોલાવવું ખુબજ જરૂરી તેમજ અનિવાર્ય બની જાય છે. રાજકોટના ૧૯૭૮ થી ઝેરોક્ષ, લેમિનેશન, રીપેરીંગના વ્યવસાય સાથે સંકળાયેલા અને આ ક્ષેત્રમાં મોટું નામ ધરાવતા જયેશભાઈ કિંગર નામના વેપારીએ આ બધી તકલીફોનું શોધી કાઢેલ છે. જયેશભાઈ કિંગરના જણાવ્યા મુજબ ૪૦ માઈક્રોનથી ૨૦૦ માઈક્રોન સુધીનું કોઈપણ પ્રકારનું લેમિનેશન કોઇપણ જાતની કેમિકલ પ્રોસેસ વગર આધુનિક ટેક્નોલોજીના માધ્યમથી તેઓ ગેરંટીપૂર્વક ખોલી શકે છે અને આ કામ માટે સૌરાષ્ટ્ર-કચ્છમાં એકમાત્ર ૨૦ વર્ષનો અનુભવ ધરાવે છે. તો લેમિનેશન ખોલાવવાને લગતા કોઈપણ પ્રકારના કામકાજ માટે જયેશભાઈ કિંગર, ઝેરોક્ષ એન્ડ લેમીનેશન (જય એન્ટરપ્રાઇઝ), કચ્છ ખાવડાવાળાની સામે, પંચનાથ મંદીર ચોક, લીમડા ચોક પાસે, રાજકોટ - ૩૬૦ ૦૦૧ મોબાઈલ:૯૪૨૭૨ ૫૪૩૪૨ (વોટ્સઅપ) ઉપર સંપર્ક કરી શકો છો.

---

**લાઠી નગરસેવા સદન લાઠી, જિ.અમરેલી**

**જાહેર નિવિદા**

આથી લાઠી નગરપાલીકા લાઠી જિ.અમરેલીને મંજુર થયેલ સ્વચ્છ ભારત મિશન - ૨.૦ વર્ષ -૨૦૨૪/૨૫ યોજના અંતર્ગતની ગ્રાંન્ટમાંથી નીચે જણાવેલ કામો કરાવવા માટે સરકારમાન્ય રજીસ્ટર્ડ કોન્ટ્રાકટરો પાસેથી ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

કામનું નામ :-
(૧) લાઠી શહેરમાં ભીના તથા સુકા કચરાના પ્રોસેસીંગ પ્લાન્ટ બનાવવાનું કામ.

| | |
|---|---|
| અંદાજીત રૂા.<br>(૧) ૨૯.૯૩ લાખ | મુદત-<br>(૧) ૧૨ - માસ |
| ઈ.એમ.ડી - રૂા .:-<br>(૧) ૨૯૯૩૦ /- | ટેન્ડર ફી રૂા .:-<br>(૧) ૧૫૦૦ /- |
| વેબ સાઈટનું નામ | www.nprocure.com |
| ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટેની શરૂ થવાની તારીખ | ૨૨/૦૭/૨૦૨૪ |
| ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટેની છેલ્લી તારીખ | ૦૫/૦૮/૨૦૨૪ |
| ટેન્ડર ફી,ઈ.એમ.ડી.તથા જરૂરી ડોકયુમેન્ટ પહોંચતા કરવાની તારીખ,સમય તથા સરનામું | ૦૯/૦૮/૨૦૨૪ ૧૬:૦૦ કલાક સુધી રજી.પોસ્ટ એડી.થી નગરપાલીકા લાઠી જી.અમરેલી |
| ટેન્ડર ખોલવાની તારીખ | ૧૨/૦૮/૨૦૨૪ |

(એન.ડી.વોરા) ચીફ ઓફીસર નગરપાલીકા લાઠી

(એમ.સી.રાજયગુરૂ ) વહીવટદાર નગરપાલીકા લાઠી

જિમાહિ/અમરે/૯૯૫/૨૪
















AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૧૯-૦૭-૨૦૨૪ શુક્રવાર

# નીટ પછી હવે સિવિલ સર્વિસિઝનું નામું નાંખવા માટે પૂજા ખેડકરનું નવું પ્રકરણ છાપરે ચડ્યું છે !

નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ (નીટ)નું પેપર ફૂટી ગયું તેના કારણે દેશની મેડિકલ કોલેજોમાં થતાં એડમિશન શંકાના દાયરામાં છે જ ત્યાં હવે મહારાષ્ટ્ર કેડરની વિવાદાસ્પદ ઈન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ (આઈએએસ) ઓફિસર પૂજા ખેડકરના કારણે યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (યુપીએસસી) દ્વારા લેવાતી સિવિલ સર્વિસિસની પરીક્ષા પણ શંકાના દાયરામાં આવી ગઈ છે.

ટ્રેઈની આઈએએસ ઓફિસર પૂજા ખેડકરનું પુણેમાં પોસ્ટિંગ હતું કે જ્યાં તેણે પોતાના માટે અલગ ઓફિસ, ઓફિશિયલ કાર અને પોતાની ખાનગી કાર પર લાલ બત્તી લગાવવાની ગેરકાયદેસર માગણીઓ કરતાં ચર્ચામાં આવી હતી. પૂજા આ બધી સુવિધાઓ માટે હકદાર ન હોવા છતાં સુવિધાઓ માગતી હતી તેમાં ફરિયાદ થતાં કેન્દ્ર સરકારે તેના વ્યવહારની તપાસ માટે એક વ્યક્તિની સમિતિની રચના કરી હતી. આ સમિતિ બે અઠવાડિયામાં પોતાનો અહેવાલ રજૂ કરવાની છે પણ એ પહેલાં બીજી ચોંકાવનારી વિગતો બહાર આવી.

આ વિગતો પ્રમાણે પૂજા ખેડકર ક્રીમી લેયરમાં આવતી હોવા છતાં ઓબીસી ક્વોટા હેઠળ સિવિલ સર્વિસીસની પરીક્ષાના મેરિટમાં આવીને આઈએએસ બની છે. પૂજા ખેડકરે લોકોમોટિવ ડિસએબિલિટી હોવાનું જૂઠાણું ચલાવીને દિવ્યાંગોને મળતી અનામતનો લાભ પણ લીધો છે. પૂજા ખેડકરના વ્યવહાર પર વિવાદ પછી તેની વિકલાંગતા પર સવાલ ઉઠાવવામાં આવતાં તેની પુણેથી વાશિમ બદલી કરવામાં આવી હતી.

દિવ્યાંગોમાં કાયમી ખોડખાંપણ અને લોકોમોટિવ ડિસએબિલિટી એમ બે પ્રકાર છે. પૂજા ખેડકર દ્વારા યુપીએસસીને દિવ્યાંગતા અંગે સર્ટિફિકેટ આપવામાં આવ્યું હતું તેમાં દાવો કરાયો હતો કે, તેની બંને આંખોમાં ઓછી દૃષ્ટિ છે અને વિઝનમાં ૪૦ ટકા વિકલાંગતા છે. આ ઉપરાંત માનસિક બીમારી અને બ્રેન ડિપ્રેશનના નામે ૨૦ ટકા વિકલાંગતા હોવાનું પણ દર્શાવવામાં આવ્યું હતું. અહમદનગર જિલ્લા હોસ્પિટલના મેડિકલ બોર્ડે પૂજા ખેડકરને ૨૦૧૮માં વિઝ્યુઅલ ડિસેબિલિટી સર્ટિફિકેટ અને ૨૦૨૧માં મેન્ટલ ડિસેબિલિટી સર્ટિફિકેટ આપ્યું હતું. પૂજાએ ભ્રષ્ટાચાર કરીને આ સર્ટિફિકેટ લીધું હોવાનું કહેવાય છે.

પૂજા ખેડકરે ઓબીસી અનામતના લાભ પણ ખોટી રીતે લીધાનું મનાય છે. પૂજાના પિતા દિલીપ ખેડકર મહારાષ્ટ્ર સરકારના નિવૃત્ત અધિકારી છે અને વિધાનસભાની ચૂંટણી લડ્યા હતા. પૂજા ખેડકરે યુપીએસસીમાં પોતાને નોન ક્રિમિલિયર ઓબીસી બતાવીને આ ક્વોટાનો લાભ લીધો પણ તેના પિતાએ ચૂંટણીના સોગંદનામામાં પોતાની સંપત્તિ ૩૦ કરોડ જાહેર કરી હતી. પૂજાની પોતાની સંપત્તિ પણ કરોડોમાં છે જ્યારે નોન-ક્રીમ લેયરમાં ૮ લાખ રૂપિયાથી ઓછી વાર્ષિક આવક ધરાવતા લોકો જ આવી શકે.

પૂજાની માતા પણ સરપંચ છે એ જોતાં પૂજા નોન ક્રિમિલિયર કેટેગરીમાં આવે છે છતાં ઓબીસી તરીકે આઈએએસ બની ગઈ. પૂજાએ એક ઈન્ટરવ્યૂમાં વાહિયાત દાવો કરતાં કહ્યું હતું કે, તે પોતાના પિતાથી અલગ રહે છે. પૂજા અત્યારે પિતાથી અલગ રહેતી હોય એવું બને પણ સિવિલ સર્વિસીસની પરીક્ષા આપતી વખતે તેના પિતાની જ આવક ગણાય એ જોતાં પૂજા નોન ક્રિમિ લેયરમાં હોવાની શક્યતા વધારે છે.

સવાલ એ છે કે, આ બધી વાતોની ચકાસણી પહેલાં કેમ ના કરાઈ? યોગાનુયોગ બીજા એક આઈએએસ અધિકારી અભિષેક સિંઘ પણ ખોટું દિવ્યાંગતા સર્ટિફિકેટ રજૂ કરવાના વિવાદમાં ફસાયા છે. ૨૦૧૦ની બેચના યુપીના આઈએએસ અધિકારી અભિષેક સિંઘ પણ દિવ્યાંગ નહીં હોવા છતાં પીડબલ્યુડી ક્વોટાનો લાભ લઈને આઈએએસ અધિકારી બની ગયા હોવાનો વિવાદ ઊભો થયો છે. અભિષેક સિંઘ યુપી બેચના આઈએએસ અધિકારી છે અને તેમના પિતા ભૂતપૂર્વ આઈપીએસ અધિકારી છે. અભિષેક સિંઘ પણ પૂજાની જેમ. ગુજરાત વિધાનસભાની નવેમ્બર, ૨૦૨૨ની ચૂંટણી વખતે પોતાની હરકતોના કારણે અભિષેક સિંઘ પણ સૌની નજરે ચડી ગયા હતા.

'અભિષેક સિંઘને ચૂંટણી પંચે ગુજરાતમાં ઓબ્ઝર્વર તરીકે નિમ્યા હતા. એ વખતે અભિષેકે પોતાની સત્તાવાર રીતે મળેલી કાર સાથે સ્ટાઈલમાં ફોટા પડાવીને ઈન્સ્ટાગ્રામ પર મૂક્યા હતા. ચૂંટણી પંચે તાત્કાલિક પગલાં ભરીને અભિષેકને ગુજરાતની ઓબ્ઝર્વરની ફરજમાંથી મુક્ત કરીને યુપી રવાના કરી દીધા હતા.

અભિષેકે એ પછી આઈએએસની નોકરી છોડી દીધી અને એક્ટર બની ગયા, અભિષેક એ વખતે જ વેબ સિરીઝ દિલ્હી ક્રાઈમ ૨માં કામ કરતા હોવાથી શૂટિંગમાં વ્યસ્ત થઈ ગયા હતા. સળંગ ૮૨ દિવસ સુધી હાજર જ નહોતા થયા. તેના પગલે યોગી આદિત્યનાથ સરકારે તેમને સસ્પેન્ડ કરી દીધા હતા. અભિષેકે પણ ખોટી રીતે પર્સન્સ વિથ ડિસએબિલિટી (પીડબલ્યુડી) ક્વોટાનો લાભ લીધો હોવાનો વિવાદ ચગ્યો છે.

અભિષેક સોશિયલ મીડિયા પર જીમના અને ફિટનેસ ટ્રેઈનિંગના ફોટા મૂકે છે તેથી લોકોએ તેમના દિવ્યાંગ હોવા સામે સવાલ ઉઠાવ્યો છે. પૂજા ખેડકરને તો દિવ્યાંગ અને ઓબીસી વિવાદના પગલે પાછી મસૂરી આઈએએસ ટ્રેઈનિંગ સેન્ટરમાં બોલાવી લેવાઈ છે પણ અભિષેક તો સિવિલ સર્વિસીસ જ છોડી ચૂક્યા છે ત્યારે તેમનું શું કરાશે એ મોટો સવાલ છે. પૂજા ખેડકરની ટ્રેનિંગ રદ કરી દેવામાં આવી છે અને વહેલામાં વહેલી તકે એકેડમીમાં જોડાવાની સૂચના આપવામાં આવી છે.

અત્યાર સુધી ઘોરતું યુપીએસસી પણ પૂજા ખેડકર સામેની તપાસમાં જોડાયું છે કેમ કે આ વિવાદ મોટો થઈ જતાં છૂટકો નથી. યુપીએસસીએ મહારાષ્ટ્ર સરકારને એક પત્ર લખીને પૂજા ખેડકરના તમામ સર્ટિફિકેટ માગ્યા છે. પૂજા ખેડકરના જ્ઞાતિ પ્રમાણપત્રથી લઈને દિવ્યાંગતા સર્ટિફિકેટ સુધીના ડોક્યુમેન્ટ ઉપલબ્ધ કરાવવાની માગ કરી છે.

યુપીએસસીની હરકત આઘાતજનક છે કેમ કે કોઈ પણ વ્યક્તિ સિવિલ સર્વિસીસની પરીક્ષા પાસ કરે પછી તેનાં સર્ટિફિકેટના વેરીફિકેશનની જવાબદારી યુપીએસસીની છે. યુપીએસસીએ પહેલાં વેરીફિકેશન કર્યા વિના જ પૂજા ખેડકરને ક્લીયર કરી દીધાં તેનો મતલબ એ થયો કે, પૂજાના કેસમાં ભ્રષ્ટાચાર થયો છે અને યુપીએસસી પોતે શંકાના દાયરામાં છે.'

### ભગવા વસ્ત્રની આડમાં અસામાજીક ચારિત્રહીન પ્રવૃતિ કરતા સાધુ સામે પગલા ભરવા માંગ

# ચારિત્રહીન સાધુઓ સામે પગલા નહી ભરાય તો ગઢડા મંદિરને ઘેરાવ કરાશે

### અમરેલીમાં શ્રી સ્વામિનારાયણ સિધ્ધાંત હિતરક્ષક સમિતિ દ્વારા કલેક્ટરને આવેદન અપાયું





અમરેલી,વડતાલ દેશના મુળ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિત હરીભકતો દ્વારા ભગવા વસ્ત્રની આડમાં અસામાજીક ચારિત્ર્યહીન પ્રવૃતિ કરતા સાધુ સામે પગલા ભરવા અમરેલી શ્રીસ્વામિનારાયણ સિધ્ધાંત હિતરક્ષક સમિતિ દ્વારા કલેકટરશ્રીને આવેદન પાઠવી જણાવેલ છે કે શ્રીસ્વામિનારાયણના સાધુએ ભાગવતી દિક્ષા અંગીકાર કરેલ. સાધુઓ, ભગવા વસ્ત્રો માત્ર પહેરેલ પણ ભગવાને સ્થાપેલ સિધ્ધાંતો મુજબ વર્તન કરતા નથી. સાધુએ પોતે દ્રવ્યનો સંગ્રહ કરવા નહી કે બીજા પાસે કરવવો નહી. તેવી આજ્ઞા છે છતા ખાનગી સંસ્થાઓ ગુરૂકુળો બનાવી સંપતિ એકઠી કરે છે.અને તે માટે સંપ્રદાયના મોટા વર્ગને ભોળવીને છેતરપીંડી કરે છે. સ્ત્રી સાથે બોલવું નહી ,સ્ત્રીનું મુખ જોવું નહી, સ્ત્રીના વસ્ત્રને અડવું નહી તેવી આજ્ઞા હોવા છતા સ્ત્રીઓ સાથે નજીકના સબંધો બાંધી દુષ્કૃત્ય આચરે છે. અને બળાત્કાર કરે છે. અને ભગવા વસ્ત્રની આડમાં અસામાજીક, ચારિત્ર્યહીન પ્રવૃતિ કરે છે.કાયદા મુજબ સગીર વ્યકિત જે પોતે કરાર કરવા માટે સમજ ધરાવતા નથી તેને દિક્ષા આપીને કેવી રીતે સાધુ કરાય? છતા પોતાના હસ સંતોષવા, કામવાસનાને ઠારવા, નિર્દોષ સગીર બાળકોને શિક્ષણના કહેવાતા હેતુ માટે ગુરૂકુળોમાં લલચાવી , લાવી અકુદરતી સૃષ્ટિ વિરુધ્ધનું કૃત્ય કરે છે.શિક્ષણ સંસ્થાઓ અને ગુરૂકુળો શિક્ષણના બદલે હવસ સંતોષવાના કેન્દ્રો બની ગયા છે. સંમલૈગીંગ સબંધને દેશના કાયદાએ ગંભીર ગુનો ગણેલ છે. જેમા જામીન પણ મળતા નથી છતા આવા ગંભીર ગુનાઓ કરનાર બાવાઓ નીચું જોવાનું, શરમ કે સંકોચ આવવાને બદલે મોટો મીર માર્યો હોય તેવું જાહેરમાં વર્તન કરે છે. અનેકવારની રજુઆત, અનેક કૌભાંડો જે જાહેર થયા છે. બનાવટી ચલણ નોટો છાપવું તે રાષ્ટ્રદ્રોહનો ગુનો છે. જમીન પચાવી પાડવી એ લેન્ડ ગ્રેબીંગ કાયદા હેઠળ ગુનો બને છે. બળાત્કાર , કુમળા બાળકો સાથે હવસ ભોગવવી જેવા ગંભીર ગુનાઓ બાબતે સમાજના હિતમાં જવાબદારોએ સ્વયંમ પગલા લેવા જોઈએ.તેના બદલે રજુઆત કરવા છતા પગલા લેવાતા નથી. તે આઘાતજનક છે.બની બેઠેલા ધર્મના કહેવાતા વડા પણ સંપ્રદાયના આવા સાધુઓની કરતુતો જાણવા છતા તેઓને સંપ્રદાયમાંથી હાંકી કાઢવાને બદલે છાવરે છે એ શું ધર્મનું રક્ષણ કરશે? આ કૃત્યોથી તમામ સનાતન ધર્મને લાલછન લાગે છે. જેથી આવા સાધુ સામે પગલા ભરવા શ્રીસ્વામિનારાયણ સિધ્ધાંત હિતરક્ષક સમિતિ દ્વારા કલેકટરને આવેદન પાઠવી રજુઆત કરવામાં આવી છે. અને યોગ્ય કાર્યવાહી નહી થાય તો હરીભકતો દ્વારા ગઢડા મંદિરને ઘેરાવ કરવામાં આવશે તેવી ચીમકી ઉચ્ચારી હતી.

### આરોપીના પત્નીએ ઘરની વાડ પર કપડા સુકવતાં સમજાવવા જતાં

# સાવરકુંડલાના ભુવા ગામે યુવાન ઉપર હુમલો

### લોખંડની હોકી વડે મારમારી ઈજા કર્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)સાવરકુંડલા તાલુકાના ભુવા ગામે રહેતા રાહુલભાઈ રમેશભાઈ સોલંકી ઉ.વ. ૨૫ના ઘરની વાડ પર ગીરીશ નાનજીભાઈ સોલંકીના પત્ની વાડ પર કપડા સુકવેલ હોય જેથી રાહુલભાઈના માતાએ કપડા ન સુકવવા કહેતાં બોલાચાલી થયેલ હોય જેથી રાહુલભાઈ સમજાવવા જતાં ગીરીશે પોતાની પાસે રહેલ લોખંડની હોકી જેવું હથિયાર લઈ મોઢે અને ડાબા કાન ઉપર મારમારી ગુનો કર્યાની સાવરકુંડલા રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલી જિલ્લામાં વધુ બે કમોતના બનાવો

### સાવરકુંડલામાં ગાળાફાંસો ખાતા તથા લીમડી ચોકમાં વિજ શોકથી પ્રૌઢના મોત

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

અમરેલી જિલ્લા દિન પ્રતિદિન કમોતના બનાવોમાં વધારો થઈ રહ્યો છે સાવરકુંડલા વિર મેઘમાયા નગરમાં રહેતાં ભીખાભાઈ પીઠાભાઈ વાળા ઉ.વ. ૫૩ પોતાના ઘરે રૂમમાં કોઈ અગમ્ય કારણોસર પંખા સાથે પોતાની મેળે દોરી વડે ગળાફાંસો ખાઈ જતાં મોત નિપજયાનું રાહુલભાઈ ભીખાભાઈ વાળાએ સાવરકુંડલા પોલીસ મથકમાં જાહેર કરેલ છે. જયારે બીજા બનાવમાં લીમડી ચોક તળીનાકા વિસ્તારમાં રહેતાં રફીકભાઈ શહાબુદીનભાઈ કુરેશી ઉ.વ.૫૮ પોતાના ઘરે ફળીયામાં રાખેલ પાણીનો મોટર શરૂ કરવા જતાં વિજ શોક લાગવાથી મોત નિપજયાનું અસરફભાઈ રફીકભાઈ કુરેશીએ સાવરકુંડલા પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

# સાવરકુંડલાના વંડા ગામે જુગાર રમતા બે શકુનીઓ ઝડપાઇ ગયા

### જુગારના પટ્ટમાંથી રોકડ રૂા. ૧૦ હજાર ઉપરાંતની રકમ કબ્જે

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

સાવરકુંડલા તાલુકાના વંડા ગામે નાની પાટી વિસ્તારમાં શેરીમાં જાહેરમાં હારજીતનો જુગાર રમતા ઘુઘા માલાભાઈ જોગરાણા, ઘેલા બોઘાભાઈ કસોટીયાને હે.કોન્સ. છગનભાઈ ડાભીએ રોકડ રૂા. ૧૦,૫૦૦ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતાં. રેઈડ દરમિયાન એક અજાણ્યો શખ્સ નાસી છુટયો હતો.

# અમરેલી બહારપરાના ભયજનક વ્યકિતને પાસા હેઠળ ભુજ જેલમાં ધકેલતી એલસીબી

### અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ તથા પોલીસ અધિક્ષક દ્વારા પાસા હેઠળ કાર્યવાહી કરી જેલમાં મોકલ્યો



અમરેલી,ભાવનગર રેન્જ આઈજી ગૌતમ પરમાર દ્વારા જાણીતા ગુનેગારો અને અસામાજિક તત્વો ગેરકાયદેસર પ્રવૃતિ સાથે સંકળાયેલ શખ્સો સામે તડીપાર તથા પાસા હેઠળ અટકાયતી પગલા લેવા સુચના આપતાં પોલીસ અધિક્ષક હિંમકરસિંહ દ્વારા અસામાજિક પ્રવૃતિ કરનાર શખ્સો સામે કડક કાર્યવાહી કરવા માર્ગદર્શન અને સુચના આપતાં અમરેલી એલસીબીના પીઆઈ એ.એમ. પટેલ દ્વારા મહેબુબ ઉર્ફે મેબલો મહોમદભાઈ ભાડુલા રહે. અમરેલી બહારપરા ખાટકીવાડ વાળા વિરૂધ્ધ પુરવવાઓ એકઠા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ અધિક્ષક અમરેલી મારફતે જિલ્લા મેજીસ્ટ્રેટ અમરેલીને મોકલી આપતાં જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અજય દહિયાએ ઉપરોકત શખ્સ વિરૂધ્ધ પાસા વોરંટ ઈસ્યુ કરતાં એલસીબીના પીઆઈ એ.એમ.પટેલ તથા એલસીબી ટીમ દ્વારા મહેબુબ ઉર્ફે મેબલો મહમદભાઈ ભાડુલાને પાસા વોરંટની બજવણી કરી પાલરા સ્પેશ્યલ જેલ કચ્છ ભુજ ખાતે મોકલી આપેલ છે.

# લાઠી નજીક આવેલા ટોડા ગામે બંધ મકાનને નિશાન બનાવતા તસ્કરો

### તાળા તોડી કબાટમાં રાખેલ રોકડ, પંખો, કુકર મળી ૩૧ હજાર ઉપરાંતની ચોરી

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)લાઠીના તાલુકાના ટોડા ગામે રહેતાં હાલ સુરત જયંતિભાઈ વિઠલભાઈ ભીકડીયાના બંધ મકાનના તાળા તોડી કોઈ તસ્કરોએ રૂમમાં પ્રવેશ કરી કબાટમાં રાખેલ રોકડ રૂા.૩૦,૦૦૦ તેમજ મકાનની ઓશરીમાં લગાવેલ પંખો રૂા.૧૦૦૦ તથા રસોડામાંથી એક સ્ટીલનું કુકર રૂા. ૫૦૦ મળી કુલ રૂા.૩૧,૫૦૦ના મુદામાલની ચોરી કરી ગયાની લાઠી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# ૮માં પગાર પંચમાં સરકારના કર્મચારીઓ અને પેન્શનર્સન માટે થઇ શકે મોટી જાહેરાત

## ગ્રહોની ચાલ

## આજનું પંચાગ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

તા ૧૯.૭.૨૦૨૪ શુક્રવાર ,સંવંત ૨૦૮૦ અષાઢ સુદ તેરસ, મૂળ નક્ષત્ર , ઐંદ્ર યોગ, કૌલવ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ ધન (ધ,ભ,ફ,ઢ) રહેશે.

### જન્મકુંડળીમાં સૂર્ય શનિ ષડાષ્ટક યોગ જાતકને વિવાદમાં રાખે છે

શનિ સૂર્યના ષડાષ્ટક યોગ સાથે રાજ્યોમાં, દેશમાં અને વિદેશમાં રાજનીતિ તેજ થઇ ગઈ છે અને ઘણા ઉલટફેર જોવા મળી રહ્યા છે અને હજુ આગામી દિવસોમાં રાજનીતિમાં અને સત્તામાં ઘણા નવા સમીકરણો જોવા મળશે વળી પ્રજા માનસમાં આ સમય વધુ ગહેરાઈ થી અંકિત થતો જોવા મળશે.મારા વર્ષોના જ્યોતિષ અનુભવમાં મેં જોયું છે કે જયારે જાતકની જન્મકુંડળીમાં સૂર્ય શનિ ષડાષ્ટક યોગ હોય ત્યારે કોઈ ને કોઈ રીતે તે વિવાદ માં રહે છે વળી અંગત લોકો સાથે જ મતભેદ થતા જોવા મળે છે!!! તો બીજી તરફ અગાઉ લખ્યા મુજબ રાહુ સૂર્ય બુધ શુક્ર યુતિને જોઈ રહ્યા છે જે વૈવાહિક જીવનમાં અડચણો દર્શાવે છે અને કેટલાક હાઈ પ્રોફાઈલ ડાઈવોર્સ કેઈસ કે બ્રેકઅપ સામે આવતા જોવા મળશે. આજે સૂર્ય



મહારાજ પુષ્ય નક્ષત્રમાં પ્રવેશ કરી રહ્યા છે જે વાતાવરણમાં ઘણો ફેરફાર લાવશે અને શ્રીકાર વર્ષા પણ જોવા મળશે! સૂર્ય મહારાજ હાલ રાણીના ઘરમાં છે અને બહુ જલ્દી પોતાના ઘર તરફ જઈ રહ્યા છે જ્યાં તેમને સિંહાસન સંભાળવાનું છે અને નવા સત્તાના સમીકરણો રચવાના છે જેની તૈયારી અત્યારથી શરુ થઈ ગઈ છે અને એક માસની અંદર ગુપ્ત રીતે ઘણી તૈયારીઓ થશે જેની અસર ઓગસ્ટ માસમાં વિશેષ જોવા મળશે જયારે સૂર્ય રાણીવાસમાં આરામ કરી પોતાની જ રાશિ સિંહમાં આવશે જયાં રાજા પોતે દરબાર માં સિંહાસન પર હશે અને અનેક નવા નિર્ણયો અને કડક પગલાં સાથે સામે આવશે તો પ્રજા માટેના ઘણા વિચારો પણ સામે આવશે!

મેષ (અ,લ,ઈ) : ધાર્યા કામ પાર પાડી શકો, હકારાત્મક વિચારોથી લાભ થાય,દિવસ પ્રગતિકારક રહે.
વૃષભ (બ,વ,ઉ) : ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે,આગળ વધવાની તક મળે, દૈવી સહાય પ્રાપ્ત થાય ,શુભ દિન .
મિથુન (ક,છ,ઘ) : આંતરિક સંબંધોમાં સારું રહે,મતભેદ નિવારી શકો,વડીલોની સલાહ ધ્યાન પર લેવી જરૂરી બને.
કર્ક (ડ,હ) : નિયમિત જીવનપદ્ધતિ થી આગળ વધશો તો સફળતા મળશે, રોજનીશી લખવાની ટેવ કામ લાગશે, ભૂતકાળ પર થી શીખવું પડે.
સિંહ (મ,ટ) : વિદેશ જવા ઈચ્છતા કે ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા મિત્રોને સારી તક પુરી પડતો દિવસ. સ્ત્રીવર્ગને પણ સારું રહે.
કન્યા (પ,ઠ,ણ) : પરિવાર સાથે આનંદ માણી શકો,દિવસ, નવી વ્યક્તિઓને ઉત્સાહપૂર્વક મળી શકો, દિવસ લાભદાયક રહે.
તુલા (ર,ત) : નવા કાર્યમાં ઈશ્વરી સહાય મળે,વિચારોમાં નવીનતા આવે, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.
વૃશ્ચિક (ન,ય) : તમારા શોખ માટે સમય ફાળવી શકો, મન થી હળવાશ અનુભવી શકો,આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
ધન (ધ,ભ,ફ,ઢ): જીવનમાં નવા પરિવર્તનનો પવન ફૂકાતો જોવા મળે, તમારી પ્રતિભામાં વૃદ્ધિ થાય, કાર્યની સરાહના થાય, શુભ દિન.
મકર (ખ,જ) : બીજાની ચિંતા ના કરતા સ્વયં પર ધ્યાન આપવું, ખર્ચ પર અંકુશ રાખવો,નેગેટિવ વિચારો ટાળવા સલાહ છે.
કુંભ (ગ,સ,શ ) : મિત્રો સાથે આનંદ માણી શકો,ગમતી પ્રવૃત્તિ કરી શકો, અચાનક કોઈ તક ઉભી થહતી જણાય.
મીન (દ,ચ,ઝ,થ): વેપારીવર્ગને લાભ થાય, સ્ત્રીવર્ગને મધ્યમ ,નોકરિયાતવર્ગ ને સારું રહે, ઈચ્છીત પરિણામ પ્રાપ્ત કરી શકો.

# સાવરકુંડલા તેમજ બાઢડા અને ભોંકરવામાં મોબાઇલો ચોરાયા

### સાવરકુંડલા શહેર અને રૂરલમાં અલગ અલગ ફરિયાદો દાખલ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

સાવરકુંડલા મહુવા રોડ કેકે સેડવીંચ પાસે શકિતસિંહ મહેન્દ્રસિંહ ચૌહાણ પાઉભાજી લેવા જતાં હોય ત્યારે મોબાઈલ સ્લીપ થઈ પડી જતાં પેન્ટના ખિસ્સામાંથી વીવો કંપનીનો રૂા.૧૪,૯૯૦ની કિંમતનો મોબાઈલ પડી જતાં કોઈ ચોરી ગયાની સાવરકુંડલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. સાવરકુંડલા તાલુકાના બાઢડા ગામે સુનિલભાઈ રમેશભાઈ માંગુકીયાનો વિવો કંપનીનો રૂા.૧૩,૯૮૩ની કિંમતનો મોબાઈલ કોઈ ચોરી ગયાની સાવરકુંડલા રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. સાવરકુંડલા તાલુકાના ભોંકરવા ગામે રબારીકા ગામ તરફ જતાં રોડે હમીરભાઈ કનુભાઈ ભુવાના મામાના દિકરા અમરૂભાઈએ ફોન કરીને જણાવેલ કે ભોંકરવા ગામે રબારીકા ગામ તરફ જતાં રસ્તા ઉપર ગોરી ટોપરા તરીકે ઓળખાતી સીમમાં વાડીએ જતાં હતાં ત્યારે સેમસંગ કંપનીનો રૂા. ૬૯૯૮ની કિંમતનો મોબાઈલ પડી જવાથી કોઈ ચોરી ગયાની સાવરકુંડલા રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# લાલી પંજાબી નામના વ્યાજખોરની સુરત પોલીસે ધરપકડ કરી

સુરત,સુરત પોલીસ દ્વારા લાલી પંજાબી નામના વ્યાજખોરની ધરપકડ કરવામાં આવી છે. આ વ્યાજખોર અનેક લોકોને વ્યાજે પૈસા આપી ઉંચી ટકાવારીમાં વ્યાજ વસૂલતો હતો. અગાઉ એક ગુનામાં આગોતરા જામીન લઈને હાજર થયો હતો.વધુ એક ગુનો નોંધાતા પોલીસે આરોપીની ધરપકડ કરી છે. પોલીસે લાલી પંજાબની ઓફિસમાંથી અનેક કોરા ચેક અને ડાયરીઓ કબજે કરી છે.

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૯૪૦ થી ૧૫૮૬ મગફળી ૯૩૦ થી ૧૩૦૧

***અમરેલી માર્કેટ યાર્ડ***
શિંગમઠડી-૧૨૩૩-૧૨૩૩
શિંગમોટી-૯૩૦-૧૩૦૧
મગ-૧૩૦૦-૧૫૬૮
તલસફેદ-૧૫૬૫-૨૫૭૦
તલકાળા-૨૯૩૫-3300
એરંડા-૧૦૨૦-૧૧૫૨
ઘઉંટુકડા-૪૫૩-૫૯૪
ઘઉંલોકવન-૪૬૪-૫૮૪
બાજરો-૩૦૦-૪૮૨
ચણા-૯૪૦-૧૩૨૦
કપાસ-૯૪૦-૧૫૮૬
જુવાર-૪૭૮-૮૭૨
જીરૂ-૩૧૦૦-૫૧૩૫
ધાણા-૯૮૦-૧૩૧૬
સોયાબીન-૭૫૨-૮૪૧
મેથી-૧૦૨૦-૧૧૧૨
રાય-૧૦૧૫-૧૦૯૨

અમરેલી માર્કેટયાર્ડ
બટેટા-૩૩૦-૫૩૦
રીંગણા-૧૦૦-૨૦૦
ફલાવર-૫૦૦-૬૦૦
કોબીઝ-૬૦૦-૭૦૦
ટમેટાં-૧૫૦૦-૧૭૦૦
ફોદીનો-૭૦૦-૮૦૦
ગાજર-૪૦૦-૫૦૦
ગલકા-૨૦૦-૩૦૦
કાકડી-૩૦૦-૪૦૦
ગુવાર-૧૨૦૦-૧૩૦૦
દુધી-૧૫૦-૨૫૦
તુરીયા-૪૦૦-૬૦૦
ભીડો-૪૦૦-૬૦૦
આદુ-૧૪૦૦-૧૬૦૦
કોથમીર-૯૦૦-૧૦૦૦
મેથીભાજી-૬૦૦-૭૦૦
ટીંડોરા-૬૦૦-૮૦૦
લીમડોમીઠો-૧૨૦-૧૬૦
મરચાલીલા-૮૦૦-૧૨૦૦
લસણસુકું-૨૦૦૦-૪૦૦૦
લીંબુ-૪૦૦-૬૦૦
પાલક-૬૦૦-૭૦૦

***રાજુલાયાર્ડ***
બાજરો-૪૧૫-૫૦૯
જુવાર-૪૮૧-૮૮૦
ઘઉં-૪૭૫-૫૬૪
શીંગદાણા-૧૫૭૦-૧૫૮૦
ચણા-૯૧૫-૧૧૯૦
તલસફેદ-૨૧૦૦-૨૫૦૦
મગ-૧૨૭૧-૧૭૦૧
તલકાળા-
કપાસ-૭૦૦-૧૪૪૧
શીંગ-૯૦૦-૧૦૦૦
સોયાબીન-૮૩૫-૮૫૧

મહુવાયાર્ડ
ઘઉં-૪૫૦-૫૯૭
ડુંગળીલાલ-૯૮-૫૭૬
મગ-૧૩૨૫-૧૩૨૫
તલસફેદ-૧૮૧૦-૨૪૭૫
સોયાબીન-૮૩૬-૮૩૬
તુવેર-૧૭૭૦-૧૭૭૦
ચણા-૧૧૫૫-૧૨૮૧
નાળીયેર-૪૮૦-૧૭૮૦
અજમા-૧૮૧૨-૨૧૨૮
બાજરી-૪૦૦-૫૦૫
જુવાર-૪૧૩-૯૧૦

બાબરા
કપાસ-૧૩૨૪-૧૫૮૬
મગ-
ચણા-
ઘઉં-૪૮૬-૫૨૪
તલસફેદ-૨૩૦૭-૨૪૬૩
જીરૂ-૪૭૮૫-૪૯૨૫
મગફળી-૧૦૯૫-૧૧૧૫
બાજરો-

ધારી
કપાસ-૧૩૬૧-૧૩૬૧
ચણા-૧૧૩૫-૧૧૧૨
તુવેર-૨૦૫૫-૨૦૫૫
જુવાર-૬૫૧-૬૫૧
તલ-૨૦૫૫-૨૫૯૦
મગ-૧૫૭૧-૧૫૭૧
શીંગફાડા-૧૩૯૫-૧૩૯૫
એરંડા-૧૦૮૯-૧૦૮૯
ઘઉં-
સોયાબીન-૮૨૯-૮૩૧

***સાવરકુંડલા માર્કેટયાર્ડ***
શીંગમોટી-૧૧૫૧-૧૨૫૧
શીંગદાણા-૧૬૦૦-૧૭૫૧
જીરૂ-૪૦૦૦-૫૦૫૦
તલસફેદ-૨૨૦૦-૨૫૦૬
કપાસ-૧૪૫૧-૧૫૭૦
ઘઉંલોકવન-૪૭૬-૫૫૪
મગ-૧૪૦૦-૧૫૬૦
ઘઉંટુકડા-૪૯૦-૫૬૦
ચણા-૧૦૫૦-૧૨૬૦
એરંડી-૧૧૦૧-૧૧૬૦
જુવાર-૪૫૨-૮૩૮
બાજરો-૩૫૦-૪૯૦
સોયાબીન-૮૦૦-૮૪૫

ખાંભા
કપાસ-૧૩૧૨-૧૫૪૦
જુવારસફેદ-૮૦૦-૮૨૩
ચણા-૧૨૮૦-૧૨૮૦
તલસફેદ-૨૧૫૦-૨૧૫૦
જીરૂ-૪૧૦૦-૫૦૦૦
શીંગદાણા-૧૬૦૦-૧૬૦૦
મગફળી-
એરંડા-

બગસરા
જુવાર-૫૪૦-૮૦૦
કપાસ-૧૧૦૦-૧૧૫૦
ચણા-૧૩૩૫-૧૧૫૦
શીંગફાડા-૧૪૦૮-૧૪૫૫
મગ-૧૫૨૫-૧૫૨૫
શીંગદાણા-૧૪૮૦-૧૫૬૬
ઘઉંલોકવન-૪૬૨-૫૪૦
તુવેર-૧૧૦૦-૧૧૦૦
તલસફેદ-૨૧૦૦-૨૪૦૦
મગફળી-૧૦૩૫-૧૧૬૦
સોયાબીન-૬૫૦-૮૧૮
મેથી-૯૪૦-૯૪૦

***અમરેલીફ્રુટમાર્કેટભાવ***
ચીકુ-૬૦૦-૧૨૦૦
દાડમ-૫૦૦-૧૪૦૦
મુસંબી-૮૦૦-૧૨૦૦
સંતરા-૧૭૦૦-૨૪૦૦
કીવી-૩૫૦૦-૫૫૦૦
ડ્રેગન ફ્રુટ-૧૬૦૦-૨૬૦૦
અનાનસ-૧૩૦૦-૧૬૦૦
ખારેક-૧૦૦-૧૪૦૦
કેળા-૨૬૦-૩૫૦
પોપૈયા-૬૦૦-૯૦૦
સફરજન હિમાચલ-
સ.કાશ્મીર-૨૭૦૦-૩૮૦૦

### અમરેલી આજનું તાપમાન

મહ ામ તાપમાન 33.૪
ન્યુનતમ તાપમાન ૨૬.૪
ભેજનું પ્રમાણ ૮૯
પવનની ગતિ સરેરાશ ૭.૭

### હવામાન વિભાગની ભારે વરસાદની આગાહી વચ્ચે

# અમરેલી જિલ્લામાં હળવા ભારે ઝાપટાથી ત્રણ ઇંચ વરસાદ

## ખાંભામાં ત્રણ, બગસરા પોણા બે, ધારી અને સાવરકુંડલા, જાફરાબાદમાં એક ઇંચ વરસાદ

અમરેલી,અમરેલી શહેર અને જિલ્લાભરમાં છેલ્લા ત્રણ દિવસથી હવામાન વિભાગની આગાહીનાં પગલે (અનુ. પાના નં.૬)

કલરવ હોસ્પિટલ

ડો. મિથિલ આર.પટેલ
સ્ત્રી રોગના નિષ્ણાંત (MD D.G.O.)

સ્ત્રીરોગ અને પ્રસુતિની શ્રેષ્ઠ સારવાર માટે કલરવ હોસ્પિટલમાં સારવાર શા માટે ?

ફ્રી ડિલીવરી સિઝીરિયન ઓપરેશન

- સ્ત્રીરોગની શ્રેષ્ઠ સારવાર
- નોર્મલ ડિલિવરીને પ્રાથમિકતા
- નિ:સંતાન દંપતીની સારવાર દ્વારા પ્રેગ્નન્સી
- ક્રિટિકલ અને સિઝેરિયન ડિલિવરીની સારવાર ગર્ભાશય અને અંડાશયના
- રોગ માટે લેપ્રોસ્કોપી સર્જરી દ્વારા સારવાર.

કલરવ હોસ્પિટલ
કેરીયા રોડ, રેલ્વે ફાટક પાસે, અમરેલી. ● ફોન નં. (02792) 221322

ખરજવાની જળો દ્વારા અપાતી અકસીર સારવાર



સુકા, તથા લીલા ખરજવા, ધાધર, શીળસ, ખુજલી, ખસ, લોહી, ગંઠાઈ જવું પાકી ગયેલ રસોળી, ગડગુમડ, સફેદ ડાઘ, સોરાયસીસ, સાંધાનો-વાનો માથાનો દુ:ખાવો, ખીલ, વાઢીયા, કરોળીયા, હર્પીસ, હરસ-મસા-ભગંદર, જેવા હઠીલા રોગોના જળો દ્વારા ખરાબ લોહી ચુસીને 100% મટાડી શકાય છે.

કૈલાશ કલીનીક
જળો દ્વારા કુદરતી ઉપચાર કેન્દ્ર

ડો. એલ.એલ. બાવળીયા B.A.M.S., M.D. (H.M.) મો. ૯૪૨૬૪ ૨૧૯૨૨
ડો. ભરત એલ. બાવળીયા B.A.S.M., M.D. (H.M.) મો. ૯૪૨૮૪ ૬૯૮૪૬

હનુમાન પરા રોડ, મોહન નગર, અમરેલી. ફોન :- (૦૨૭૯૨) ૨૩૨૫૭૫

બાલક્રિષ્ના ટ્રેક્ટર્સ

આયશર 188 (મીની) ટ્રેક્ટર
રૂા.૨,૫૧,૯૯૯/-* સ્પે.ઓફર
ફક્ત રૂા.૧ લાવો ટ્રેક્ટર ઘરે લઇ જાઓ



ગર્વમેન્ટ સબસીડી માન્ય

- પાવરફુલ એરકુલ્ડ એન્જીન
- ૧૦ સ્પીડ ગિયરબોક્સ
- તેલમાં ડુબેલી બ્રેક્સ

*શરતોને આધિન

રાજુલા, સાવરકુંડલા, અમરેલી મો.૯૯૦૪૩૨૨૬૬૧/૬૪/૬૫

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ
મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
24/7 Emergency Services



સગર્ભા બહેનો માટે ખુશખબર...

24/7 Emergency Services

હવે ગાયનેક વિભાગ દ્વારા ફ્રી સોનોગ્રાફી ઉપલબ્ધ

અમરેલી જીલ્લાની સગર્ભા બેહનોના હિતમાં નિર્ણય લઈ ફ્રી સોનોગ્રાફી સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે

કેસ ફી માત્ર ₹50

ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ગુજરાત. ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦

હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે

મેડીકલ ઓફિસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
લેડીઝ તેમજ જેન્ટસ
: પગાર ધોરણ (ફ્રેશર માટે) :
રૂા. ૧૪,૦૦૦/- થી ૧૮,૦૦૦/-
અનુભવી માટે : રૂા. ૨૦,૦૦૦/- થી ૩૦,૦૦૦/-

ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહિ.

મળવાનો સમય : ૧૧ થી ૧૨, સાંજે ૫:૩૦ થી ૬:૩૦

નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર

જૂના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

રોજગારીની સુવર્ણ તક

આથી તમામ રોજગારો વાંચ્છુક યુવાનોને જણાવવાનું કે અમરેલી અને ગીર સોમનાથ જિલ્લાનાં NHAI હસ્તકનાં ટોલપ્લાઝા ખાતે કામ કરવા રોજગાર ઇચ્છતા નીચે મુજબની વિગતના તથા લાયકાત ધરાવતા હોય તેઓએ દિન-૩ સુધીમાં તેઓનું રીઝ્યુમ રૂબરૂમાં નીચેના સરનામે સ્વીકારવામાં આવશે.

| ક્રમ | કામગીરીની વિગત | લાયકાત | અંદાજીત સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ટોલ મેનેજર | ગ્રેજ્યુએટ | ૪ |
| ૨ | ઓપરેટર | ૧૨ પાસ + CCC કોમ્પ્યુટર કોર્ષ | ૨૦ |
| ૩ | સિક્યુરીટી ગનમેન | ૧૦ પાસ + ગનમેન (નિવૃત સૈનિક) | ૨૦ |
| ૪ | મીકેનીકલ / ઇલેક્ટ્રીકલ ટેકનીકલ સ્ટાફ | જરૂરી ટેકનીકલ લાયકાત | ૬ |

ઉપરોક્ત જગ્યા માટે અનુભવ ધારકોને અગ્રતા આપવામાં આવશે

આશાપુરા ટ્રાન્સપોર્ટ કું.

૪૩, ટાઉન હોલ શોપીંગ સેન્ટર,
પહેલા માળે, ભીડભંજન ચોકની બાજુમાં,
અમરેલી - ૩૬૫૬૦૧
મો.૯૯૨૪૦ ૯૫૦૧૦

Dst Department of Science and Technology Government of Gujarat | Government of Gujarat | GSEM

Gujarat semiConnect Conference 2024

મહાત્મા મંદિર કન્વેન્શન સેન્ટર, ગાંધીનગર
તારીખ: ૧૯ જુલાઈ ૨૦૨૪ I સમય: સવારે ૮:૩૦ વાગ્યાથી

માનનીય વડાપ્રધાનશ્રીના સેમીકોન વિઝનથી પ્રેરિત

ઉદ્દ્ઘાટન પ્રવચન:
શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી



શ્રી નરેન્દ્રભાઈ મોદી
માનનીય વડાપ્રધાન





શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી

પ્રતિષ્ઠિત મુખ્ય વક્તા

| ડો. રણધીર ઠાકુર | શ્રી અરુણ મુરુગપ્પન | શ્રી ગુરશરણ સિંઘ | શ્રી હોમર ચેંગ |
|---|---|---|---|
| સીઈઓ અને એમડી, ટીઈપીએલ | કાર્યકારી અધ્યક્ષ, ટીઆઈઆઈ | એસ.વી.પી., માઇક્રોન | ડિરેક્ટર જનરલ, ટીઈસીસી |

• સ્થાનિક ઉદ્યોગોનું સેમિકન્ડક્ટર ઇકોસિસ્ટમ સાથે સમન્વય •
• ગુજરાત: સેમિકોન ઇન્ડિયા, ૨૦૨૪ નું કેન્દ્ર બિંદુ •